# જ્ઞાનોત્સવ - ૧૪/૧૨/૨૦૨૪

**(ધો. ૧ થી ૫ ગુ.મા. અને અં.મા. ના વિદ્યાર્થીઓનું પ્રોજેક્ટ પ્રદર્શન)**

પ્રત્યેક બાળકમાં કોઇને કોઇ વિશિષ્ટ શકિત છુપાયેલ છે. **"Every Child is a Special"** તેમની આંતરિક શકિત બહાર લાવી તેને ખીલવવી તથા બાળકોના જ્ઞાનનું આદાન-પ્રદાન થાય, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિકસે, કોમ્યુનિકેશન અને પ્રેઝન્ટેશનનું સ્કીલ ખીલે અને અનુભવ દ્વારા જ્ઞાન મેળવે તે આશયથી શાળામાં પ્રોજેક્ટ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું જેમાં **શાળાના ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રાથમિક વિભાગ ધો. ૧ થી ૫ ના ૬૬૧ વિદ્યાર્થીઓ દ્વારા ૫૨૫ પ્રોજેક્ટ** મૂકવામાં આવ્યા. જેમાં કોર્ટ, પાર્લામેન્ટ, વટથી ગુજરાતી, યોગા, સોલર સિસ્ટમ, પ્લેનેટોરિયમ, મોબાઇલ એડિક્શન, આરોગ્ય, દરિયાઇ જીવ સૃષ્ટિ, નાટકો, ભરૂચની ભવ્યતા, ભગવદ્ ગીતા, આધ્યાત્મિક ચિન્હો, પ્રતિકો, નારાયણ ગામ, ગેમ ઝોન જેવા જુદા જુદા વિષયો ઉપર વિદ્યાર્થીઓ દ્વારા ખૂબ સુંદર પ્રોજેક્ટ રજૂ થયાં. આ કાર્યક્રમમાં **મુખ્ય મહેમાન તરીકે બ્રહ્માકુમારી સુનિલાદીદી તથા વિશેષ મહાનુભવો મા.શ્રી દિવ્યેશ પરમાર (શિક્ષણ નિરીક્ષક), મા. શ્રી પરિમલભાઇ યાદવ (તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી), મા.શ્રી અરવિંદભાઇ પંચાલ તથા શાળાના ટ્રસ્ટી મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ સાહેબ ઉપસ્થિત રહ્યાં હતાં.** આ કાર્યક્રમમાં ખૂબ મોટી સંખ્યામાં વાલીઓ પ્રોજેક્ટ પ્રદર્શન નિહાળવા માટે આવ્યાં હતાં. અને દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરૂં પાડયું હતું. કાર્યક્રમમાં ખરોડ બી. એડ્. કોલેજના ૪૦ જેટલા તાલીમાર્થીઓએ નિર્ણાયક તરીકેની સેવા પૂરી પાડી હતી.

આ કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના ડાયરેક્ટર શ્રી ડૉ.ભગુભાઇ આઇ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ અંગ્રેજી માધ્યમના આચાર્યા શ્રીમતી વિદ્યાબેન રાણા તથા ગુજરાતી માધ્યમ નોન ગ્રાન્ટેડના આચાર્ય શ્રી જીજ્ઞેશભાઇ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના કન્વીનર ભકિતબેન ફરસરામ, નયનાબેન પટેલ, દિવ્યાબેન ભટ્ટ, કવિતાબેન હતાં. જેનું પરિણામ નીચે મુજબ છે.

| ધોરણ | પ્રથમ ક્રમ | દ્વિતિય ક્રમ | તૃતિય ક્રમ | કન્વીનરનું નામ |
|---|---|---|---|---|
| ૧અ | સોલંકી ધ્રુવાંશ ડી. (વટથી ગુજરાતી) | ત્રિવેદી વેદાંશી બી. (સાહિત્યકાર) | ચૌહાણ શૌર્ય એ. (આરોગ્ય) | પટેલ અનિતાબેન |
| ૧બ | જાદવ કાવ્યકુમાર એ. (તબલાના તાલની સમજ) | પરમાર પલક વી. (વટથી ગુજરાતી) | પરમાર યાના બી. (આરોગ્ય) | અટોદરિયા શ્વેતાબેન |
| ૨અ | લીબચીયા મોક્ષા વાય. (દરિયાઇ જીવ સૃષ્ટિ) | ભાવસાર વિની પી. (દરિયાઇ જીવ સૃષ્ટિ) | રાણા હયા પી. (દરિયાઇ જીવ સૃષ્ટિ) | પરમાર સંધ્યાબેન |
| ૨બ | રાજપૂત તન્વી સી. (વિજ્ઞાનના પ્રયોગો) | રાણા ઇશિકા એમ. (વેસ્ટમાંથી બેસ્ટ ઇલેક્ટ્રીક ટોર્ચ) | વસાવા રિવાન કે. (વિજ્ઞાનના પ્રયોગો) | ભટ્ટ હેતલબેન |
| ૩અ | વાઘેલા યુગ આર. (કાર મ્યુઝીયમ) | માછી મીત જી.(કાર મ્યુઝીયમ) વસાવા હાર્દિક એ. (કોર્ટ) | વસાવા કાવ્યા આર. (કોર્ટ) | પરમાર પદમાબેન |
| ૩બ | પરમાર વંશિકાબેન એસ. (કોર્ટ) | વણકર પલક આર. (કોર્ટ) | સોલંકી આશ્રી એસ. (કોર્ટ) | પરમાર વૈશાલીબેન |
| ૪અ | માછી નિરાલી ડી. (ધાર્મિક પ્રતીકો) | પરમાર રુદ્રસિંહ બી. (ધાર્મિક પ્રતિકો) | માત્રોજા રચિતસિંહ ટી. (ધાર્મિક ચિહ્નો) | વાઘેલા અનિતાબેન |
| ૪બ | હાંસોટી પ્રથમ એચ. (ભરૂચની ભવ્યતા) | પરમાર ધ્રુવી કે., મદ્રાસી શ્રુતિ એસ., સોલકી યામી એ., વસાવા ભવ્યા એ., વસાવા જૈમિની એ., વસાવા વિરાટ આર. (આદિવાસી નૃત્ય) | મિસ્ત્રી નિકિતા જી. (ભરૂચની ભવ્યતા) રાણા સાર્થક એમ. (ભરૂચની ભવ્યતા) | ઠક્કર મિલનબેન |
| ૫અ | પટેલ રૂદ્ર જી. (ચંદ્રયાન-૩) જાદવ રિતીકા પી. (હ્રદયની રચના અને તેના કાર્યો) | તડવી હર્ષલ એ. (Preposition) | પરમાર સાન્વી આર. (પાણીમાંથી વીજળી ઉત્પન્ન કરવી) | પટેલ હેતલબેન |
| ૫બ | જાદવ નિત્ય ડી. (ચંદ્રયાન) | પીઠવા હીર એચ. (ભગવદ્ ગીતા) | રાણા ચૈન્મય ડી. (હાઇડ્રોલીક બ્રિજ) | પટેલ રૂપલબેન |

# "જ્ઞાનોત્સવ - પ્રોજેક્ટ પ્રદર્શન"

**ધો. ૬ થી ૯, ૧૧ વિ.પ્ર. તથા સા.પ્ર. (ગુ.મા. અને અં.મા.) નાં ૭૭૧ પ્રયોગો/મોડેલ્સ/પ્રોજેકટનું ભવ્ય પ્રદર્શન**

**તા. ૯/૧/૨૦૨૫ :** શાળાનાં વિદ્યાર્થીઓ અરસ-પરસ જ્ઞાનની વહેંચણી કરી વિવિધ શૈક્ષણિક વિષયોમાં પારંગતતા કેળવે સાથે જ વિદ્યાર્થીની મૌલિક, સર્જનાત્મક શકિત, વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને વલણ વિકસે તેવા હેતુસર શાળાનાં ધો. ૬ થી ૯, ૧૧ વિ.પ્ર. તથા સા.પ્ર. (ગુ.મા. અને અં.મા.) નાં તમામ વિદ્યાર્થીઓનાં ૭૭૧ શૈક્ષણિક પ્રોજેક્ટનું પ્રદર્શન યોજાયું. જેમાં **મુખ્ય મહેમાન તરીકે મા.શ્રી ડૉ. કૌશલ પટેલ (સર્જન-વેદાંત હોસ્પિટલ, ભરૂચ જિલ્લા સંઘ ચાલક), મા. શ્રી મિતેશ ભંગાલે** (ASST. Regional Transport Officer, Bharuch), **મા.શ્રી મનસુખભાઇ નારિયા (સાયન્સ એજયુકેટર વિજ્ઞાન ગુર્જરી, સુરત), મા.શ્રી ભકિતભાઇ પટેલ (નિવૃત ગ્રંથપાલ, વણાકબોરી, ગુ.મા. ઉ.મા. શિક્ષણ બોર્ડ ગાંધીનગર શાળાકીય પ્રવૃતિ કેલેન્ડર તજજ્ઞ), મા.શ્રી નટવરભાઇ સુથાર (નિવૃત આચાર્ય એમ.જે.સી. મહેતા વિદ્યામંદિર હળવદ, જિ. મોરબી), મા.શ્રી ભરતભાઇ ગોલવિયા (રાષ્ટ્રીય રકતદાતા), મા. શ્રી નિલેશભાઇ ઉપાધ્યાય (પ્રોફેસર, સત્યમ બી.એડ. કોલેજ), મા.શ્રી હેમંતભાઇ પ્રજાપતિ (ચેરમેનશ્રી, નારાયણ વિદ્યાલય, ભરૂચ) ઉપસ્થિત રહ્યાં હતાં.**

**તા. ૧૪/૧૨/૨૪ :** "જ્ઞાનોત્સવ" પ્રોજેક્ટ પ્રદર્શનમાં શ્રેષ્ઠ પ્રોજેક્ટ રજૂ કરી પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બનનાર ધો. ૧ થી ૫ અં.મા. નાં વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયાં હતાં.

મહેમાનશ્રીઓએ પ્રાસંગિક ઉદ્બોધન થકી પોતાના શૈક્ષણિક અનુભવોને રજૂ કરી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતાં. આ કાર્યક્રમને પ્રશંસનીય ગણાવતા કહ્યું કે, વ્યવહારિક શિક્ષણથી વિદ્યાર્થીઓ ઘણુ બધું શીખે છે. આ પ્રોજેકટ દ્વારા વિદ્યાર્થીઓનું સાચા અર્થમાં ઘડતર થયું છે. જેમાં દરેક વિષયનાં પ્રોજેકટ મૂકવામાં આવ્યાં હતાં.

મહેમાનશ્રીઓએ પ્રોજેકટ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરી વિદ્યાર્થીઓની કૃતિને નિહાળી હતી. વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરી વિદ્યાર્થીઓનાં ઉત્સાહને વધાર્યો હતો.

આ કાર્યક્રમ શાળાનાં ડાયરેકટરશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ શ્રીમતી બિનીતાબેન ગોહિલ (ગ્રાન્ટેડ આચાર્યા), શ્રીમતી વિદ્યાબેન રાણા (આચાર્યા અં.મા.), શ્રી જિજ્ઞેશભાઇ જોષી (આચાર્ય નોનગ્રાન્ટેડ વિભાગ ગુ.મા.) અને કન્વીનર અલ્પેશભાઇ પટેલ, કૌશિકભાઇ મિસ્ત્રી, એલ.ડી. ભારદ્વાજ, સુરેશભાઇ પ્રજાપતિ, શેફાલીબેન ઠાકર, પારસબેન રાણા નાં સહયોગથી કરવામાં આવ્યો હતો. શાળાનાં કમ્પ્યૂટર શિક્ષકો દિપીકાબેન સોલંકી, મયુરીબેન પટેલ, સોનલબેન વાઘ દ્વારા આ કાર્યક્રમનું યુ-ટ્યૂબ પર લાઇવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. ઘણી મોટી સંખ્યામાં વાલીશ્રીઓ અને અન્ય વિદ્યાર્થીઓએ આ પ્રદર્શનનો લાભ લીધો હતો. લોકોએ ઘર બેઠા પણ આ કાર્યક્રમને લાઇવ નીહાળ્યો હતો.








**માટીની ભીનાશ જેમ વૃક્ષના મૂળને પકડી રાખે છે, તેમ શબ્દોની મીઠાશ મનુષ્યના સંબધોને પકડી રાખે છે.**